## વિદ્યાસિદ્ધ મહાન શાસનપ્રભાવક

# આચાર્યશ્રી આર્ય ખપુટાચાર્ય મહારાજ

આર્ય ખપુટાચાર્ય મહાન મંત્રવાદી અને પ્રભાવક આચાર્ય હતા. જૈનશાસનમાં આઠ પ્રભાવક કહ્યા છે. તેમાં વિદ્યાબલ પર પ્રભાવના કરનારાઓમાં શ્રી ખપુટાચાર્યનું ઉદાહરણ આપવામાં આવે છે. વિશેષ વિદ્યાપ્રાપ્તિના કારણે પ્રબંધકોશકારે તેમને આચાર્યસમ્રાટ પણ કહ્યા છે.

તેમના શિષ્યસમુદાયમાં ભુવન નામે એક શિષ્ય હતો. તે તેમનો ભાણેજ હતો. બીજો મહેન્દ્ર નામે શિષ્ય હતો. આચાર્ય ખપુટસૂરિનો ઉત્તરાધિકાર તેમના શિષ્ય ભુવનને પ્રાપ્ત થયો હતો. આ બન્ને શિષ્યોનો ઉલ્લેખ પ્રભાવક ચરિત્રમાં આપવામાં આવેલ છે. આચાર્ય ખપુટસૂરિએ તેમના શિષ્ય ભુવનને અનેક પ્રકારની વિદ્યાઓ આપી હતી. શીઘ્રગ્રાહી બુદ્ધિના કારણે સાંભળવા માત્રથી કેટલીક વિદ્યાઓ તેમણે ગ્રહણ કરી હતી. ભૃગુકચ્છનો રાજા બલમિત્ર શરૂઆતમાં બૌદ્ધભક્ત હતો. તેમની સભામાં મુનિ ભુવનનો બૌદ્ધો સાથે મોટો શાસ્ત્રાર્થ થયો. રાજકીય સન્માનપ્રાપ્ત પ્રમાણજ્ઞ, તર્કજ્ઞ, ન્યાયજ્ઞ બૌદ્ધભિખ્ખુ જૈનો કરતાં પોતાની જાતને ઉત્કૃષ્ટ માનતા હતા. મુનિ ભુવનના અકાટ્ય તર્કોની સામે તે બૌદ્ધો પરાજય પામ્યા. તેથી જૈનશાસન પર વિજય મેળવવા ઇચ્છતા વડ્ઢકર નામના બૌદ્ધાચાર્ય ગુડશસ્ત્રપુરથી ભૃગુકચ્છ આવ્યા. શાસ્ત્રાર્થમાં સ્યાદ્વાદવાદી મુનિ ભુવને તેમને પણ પરાજિત કર્યા. આથી જૈનશાસનની મહાપ્રભાવના થઈ.

ગુડશસ્ત્રપુરમાં એક વખત યક્ષનો ઉપદ્રવ થવા લાગ્યો હતો. જૈનસંઘ આ ઉપદ્રવથી વિશેષ આક્રાંત થયો હતો. ગુડશસ્ત્રપુરથી જૈનસંઘે મોકલેલ બે મુનિઓએ વિસ્તારપૂર્વક આ દુ:ખદ ઘટના આચાર્ય ખપુટસૂરિને કહી. આચાર્ય ખપુટસૂરિએ પોતાના શિષ્ય ભુવન મુનિને પોતાની કપર્દિકા (વિશિષ્ટ વિદ્યાના સંબંધવાળું પુસ્તક) સોંપીને કહ્યું કે, "વત્સ! આ કપર્દિકા હું તને આપું છું, તે તારે કોઈના હાથમાં આપવી નહિ; અને કૌતુકને વશ થઈ એને ખોલવી પણ નહિ." સર્વ પ્રકારની ઉચિત શિખામણ આપી આચાર્ય ખપુટસૂરિ ભૃગુપુરથી વિહાર કરી ગુડશસ્ત્રપુર પહોંચ્યા. ત્યાં સંઘને મળી સમગ્ર પરિસ્થિતિ જાણી. તેઓ યક્ષમંદિરમાં ગયા અને યક્ષના કાનમાં ઉપાન (જોડા) નાંખી સૂઈ ગયા. પૂજારી આ વ્યવહારથી કોપ પામ્યો. આ વાત તેણે રાજાના કાન સુધી પહોંચાડી. રાજા આચાર્ય ખપુટસૂરિને મારવા લાગ્યા. યષ્ટિપ્રહાર આચાર્ય ખપુટસૂરિની પીઠ પર થતો હતો, પણ તેની કરુણ ચીસો અંતઃપુરમાં સંભળાવા લાગી. બધા આશ્ચર્ય પામ્યા. રાજા સમજી ગયો કે આ ચમત્કાર વિદ્યાસિદ્ધ યોગીનો છે. તે ખપુટાચાર્ય પાસે પહોંચ્યો. તેણે કઠોર આદેશ માટે ક્ષમા માગી. આ વિદ્યાબલથી પ્રભાવિત થઈ રાજા ખપુટાચાર્યનો પરમ ભક્ત બની ગયો. યક્ષપ્રતિમા પણ તેમને દ્વાર સુધી પહોંચાડવા આવી. યક્ષનો ઉપદ્રવ શાંત થયો. આચાર્ય ખપુટસૂરિ ઉપદ્રવ શાંત થયા પછી પણ સંઘની અતિ વિનંતિથી કેટલાક દિવસ ત્યાં રહ્યા. આ તરફ ભૃગુપુરમાં વિચિત્ર ઘટના બની. બે મુનિઓ ભૃગુપુરથી ખપુટાચાર્ય પાસે આવ્યા. તેમણે જણાવ્યું કે, "આર્ય! તમે નિષેધ કરવા છતાં મુનિ ભુવને આપની આપેલી કપર્દિકા ખોલી. તેમાંથી તેમને આકૃષ્ટિ મહાવિદ્યા પ્રાપ્ત થઈ છે; અને તે આ વિદ્યાનો દુરુપયોગ

કરી રહ્યા છે. આ મહાવિદ્યાના પ્રભાવે હંમેશાં ગૃહસ્થોના ઘરેથી સરસ સરસ આહાર ખેંચી તેનાથી તેમણે ઉપભોગ કરવાનું શરૂ કરી દીધું છે. રસલોલુપ મુનિ ભુવનને સ્થવિરોએ વારંવાર રોકયા, પણ તે માન્યા નહિ. સ્થિતિ વિકટ બની છે. જૈનસંઘની સાથેનો પોતાનો સંબંધ વિચ્છેદ કરી, વિદ્યાના ગર્વથી ગર્વિત ભુવન મુનિ બૌદ્ધોને મળ્યા છે, અને ત્યાં રહી આ વિદ્યાના આધારે આકાશમાર્ગે આહારપાત્રો મેળવી બૌદ્ધોના ઉપાસકોને ઘેર મોકલે છે અને ભોજન થઈ ગયા પછી પાત્રોને પાછાં ખેંચી લે છે. આ ચમત્કારિક વિદ્યાના પ્રભાવથી અનેક જૈનો બૌદ્ધો થવા લાગ્યા છે. આ વિષમ પરિસ્થિતિ આપ ધ્યાન પર લો અને જે ઉચિત હોય તે કરો.” આર્ય ખપુટાચાર્ય આ વાત સાંભળી ભૃગુપુર પધાર્યા. તેમણે આકાશમાં એક શિલા વિકુર્વી રાખી. આથી આકાશ-માર્ગે જતાં આહારપાત્રો તેની સાથે અથડાતાં ભાંગીને ભુક્કો થવા લાગ્યાં. ભુવન મુનિ ગુરુ આવ્યા જાણી અન્યત્ર નાસી ગયા.

આવી જ રીતે, પાટલિપુત્રમાં જૈનસંઘ સામે એક ભયંકર સંકટ ઊભું થયું. ત્યાંના રાજા દાહડનો જૈન મુનિઓને આદેશ મળ્યો કે—તેઓ બ્રાહ્મણવર્ગને નમન કરે; નહિતર તમારો શિરચ્છેદ થશે. રાજાની ઘોષણાથી જૈનસંઘમાં ચિંતા પેદા થઈ. આ ફક્ત જીવનસંકટનો પ્રશ્ન ન હતો, પણ ધર્મસંકટનો પણ પ્રશ્ન હતો. અનેક વિદ્યાસંપન્ન આર્ય ખપુટાચાર્ય અને શિષ્યમંડળ જ આ સંકટથી જૈનસંઘને બચાવી શકે તેમ હતા. જૈનસંઘે ભૃગુપુરમાં બે ગીતાર્થ સ્થવિર મુનિઓને આર્ય ખપુટાચાર્ય પાસે મોકલ્યા. આર્ય ખપુટાચાર્યે સઘળી પરિસ્થિતિ સમજીને તેનો પ્રતિકાર કરવા માટે પોતાના વિદ્વાન શિષ્ય મહેન્દ્ર મુનિને ત્યાં મોકલ્યા. રાજા દાહડની સભામાં બ્રાહ્મણ પંડિતોની સન્મુખ મુનિ મહેન્દ્રે લાલ તથા સફેદ કરેણની સોટીઓના માધ્યમથી વિદ્યાપ્રયોગનું પ્રદર્શન કર્યું, જે જૈનસંઘના હિતમાં થયું. રાજા દાહડે જૈન મુનિવર્ગ માટે કઠોર આદેશ આપવા બદલ મુનિ મહેન્દ્ર પાસે ક્ષમા માગી. આ ઘટનાથી જૈનધર્મની મોટી પ્રભાવના થઈ. રાજા દાહડ અને બ્રાહ્મણવર્ગ પ્રતિબોધ પામ્યા.

કેટલાક સમય પછી પેલા નાસી ગયેલા શિષ્ય ભુવને પણ પોતાના ગુરુ પાસે આવી પોતે કરેલા અવિનય અંગે ક્ષમા માગી અને શ્રમણસંઘમાં ભળી ગયા. ગુરુએ પણ તેને ક્ષમા આપી. પછી ભુવન મુનિ નિષ્ઠાવાન, વિનયવાન, ચારિત્રવાન અને શ્રુતવાન બની સૌના વિશ્વાસપાત્ર બન્યા. આથી આચાર્ય ખપુટસૂરિએ શિષ્ય ભુવન મુનિને યોગ્ય જાણી, આચાર્યપદે સ્થાપ્યા અને ત્યારબાદ પોતે અનશન કરી સ્વર્ગવાસ પામ્યા. આમ, આર્ય ખપુટાચાર્યના જીવન સાથે અનેક ચમત્કારિક ઘટનાઓ જોડાયેલી છે. ‘પ્રભાવકચરિત્ર’ મુજબ આચાર્ય ખપુટસૂરિ વીરનિર્વાણની પાંચમી સદીમાં થયા હતા.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org